E-JOURNAL (HISTORY)
SINCE 2019
E - ISSN : 2582-046X
Vol. 04, Issue 02, April - June 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# ઉત્તર ગુજરાતમાં બૌધ્ધ કાલીન સ્થાપત્ય એક અધ્યયન

***સેનમા કૌશિકકુમાર જગદીશકુમાર***
*પીએચ.ડી સ્કોલર*
*હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણ*
Email : ravatkaushik1988@gmail.com

**Abstract:**

ભારતમાં મૌર્ય કાલ દરમિયાન સમ્રાટ અશોકના સમયથી બૌધ્ધ ધર્મનો પ્રચારમાં નોંધ પાત્ર ફાળો આપ્યો. ગુજરાતમાં પણ મૌર્ય યુગ દરમિયાન બૌધ્ધ ધર્મના પગરણ થયો અને ક્ષત્રપ કાલ દરમિયાન ગુજરાતમાં બૌધ્ધ ધર્મનો ખુબ મોટાપાયે ફેલાવો થયો. જેમાં સૌરાષ્ટ્ર, ભૃગુકચ્છ બૌધ્ધ ધર્મનો વ્યાપક પ્રમાણમાં વિસ્તાર થયો અને અસંખ્ય સ્થાપત્યોની રચના થઇ.તેમાં એ સમયનું આનર્ત પ્રદેશ જે ઉત્તર ગુજરાત તરીકે ઓળખાય છે તે પણ બૌધ્ધ ધમ્રના પ્રભાવ થી દુર રહી શક્યું નહિ. દેવની મોરી, વડનગર,તારંગા,મહુડી,વિહાર જેવા સ્થળો પરથી બૌધ્ધ સ્તૂપ,વિહારો,ચૈત્યો અને ગુફા મંદિરો મળી આવ્યા છે. ગુજરાતમાં અનુમૈત્રકકાલ દરમિયાન ગુજરાતમાંથી બૌધ્ધ ધર્મ ધીમે ધીમે ઓસરવા લાગ્યો. અને જૈનધર્મે ને રાજ્યાશ્રય મળવા લાગ્યો જે બૌધ્ધ ધર્મ માટે એક મોટા આઘાતરૂપ બનાવ બન્યો. ઉત્તર ગુજરાતમાં આવેલ બૌધ્ધ સ્થાપત્યએ માનવા વિકાસમાં મહત્વનો વિકાસ આપ્યો. પરંતુ લોકો અને તંત્ર ઉદાસીનતા બનાવી રહ્યા હોય એવું લાગી રહ્યું છે.

Key Words: સ્તૂપ, વિહાર, સંઘારામ, અંડ,હર્મિકા,ધર્મ આજ્ઞાઓ

## પ્રસ્તાવના

ભારતમાં બહુ એવા સ્થળો છે જ્યાં બે હજારથી ૨૫૦૦ વર્ષ જુના ઈતિહાસ સાથે જોડાયેલા છે અને એવા સ્થળો ઉત્તર ગુજરાતમાં આવેલા છે. જેમાં વડનગર, તારંગા,દેવનીમોરી, એ મહત્વના સ્થળો આવેલા છે. જેમાં બુદ્ધથી લઈને કુમારપાળ સુધીનો ઈતિહાસ અને અવશેષો સાથે જળવાયેલો જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં પણ આવો સળંગ કટિબદ્ધ એક સુત્રતાવાળો ઈતિહાસ પ્રાપ્ત થાય છે. જેના મહત્વના અવશેષો હજુ અડીખમ ઉભા છે અને હજી ઘણા સ્થળે અવશેષો મળી રહ્યા છે. જેમાં વડનગર, તારંગા,દેવનીમોરી મહુડી, વિહાર, જેવા સ્થળોએ વિહારો, સ્તુપો ,ગુફાઓ અને ગુફા મંદિરો આવેલા છે.

- **ગુજરાતમાં બૌદ્ધ ધર્મનો વિકાસ**

શ્રમણ સંપ્રદાયોમાં જૈનધર્મની બૌદ્ધધર્મ પણ મહત્વનું સ્થાન ધરાવે છે. બૌદ્ધધર્મના સ્થાપક ગૌત્તમ બુદ્ધ હતા. તેમણે ગૃહત્યાગ કરી જગતના કલ્યાણ માટેનું કાર્ય સારનાથથી આરંભ્યું અને ધીમે ધીમે અનુયાયીઓની સંખ્યા વધવા લાગી એમના ઉપદેશો અને વિચારો સમગ્ર ભારતમાં ફેલાયા જે બૌદ્ધ ધર્મ તરીકે પ્રચલિત બન્યો. બુદ્ધ ના શરૂઆતના સમયમાં મૂર્તિ પૂજાને સ્થાન ન હતું. પરંતુ બે

E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X
Vol. 04, Issue 02, April - June 2022
ISSN (Online) No. 2582 – 046X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

બૌદ્ધધર્મમાં વિભાજન થયા પછી મૂર્તિ પૂજાની શરૂઆત થઈ અને અસંખ્ય બૌદ્ધ મૂર્તિઓ અને સ્થાપત્યો રચાયા.ધીરે ધીરે બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય મળવા લાગ્યો મૌર્ય સમયમાં સમ્રાટ અશોકે બૌદ્ધધર્મના પ્રચારમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. ત્યારબાદ કનિષ્ક અને હર્ષ વગેરે વિકસાવવામાં નોંધપાત્ર ફાળો આપ્યો. ગુજરાતમાં ક્ષત્રપકાલ દરમિયાન બૌદ્ધધર્મ વ્યાપક પ્રમાણમાં વિસ્તર્યો સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ખંભાલીડા, બારિયા,તળાજા,વગેરે અનેક જગ્યાએ બૌદ્ધ વિહારો,સ્તુપો અને ગુફાઓ મળી આવ્યા છે. ઉત્તર ગુજરાતમાં શામળાજી પાસે દેવની મોરી, તારંગાની ટેકરીઓમાં જોગીડાની ગુફા, ત્રણ ધારણ બૌદ્ધ દેવીના મંદિરો અને વડનગરમાં ૧૦ સ્તૂપ હોવાના ઉલ્લેખો મળી આવ્યાછે જે પુરાતત્વ દ્વારા ખોદકામ કરી કાઢ્યા છે. આમ ભુગુ કચ્છ બૌદ્ધ સાહિત્યમાં ભુગુકચ્છ અને સોપારકનો વારંવાર ઉલ્લેખ આવે છે. કદાચ એ બૌદ્ધધર્મનું મુખ્ય કેન્દ્ર હોય એવું જણાય છે.ગુજરાતમાં બૌદ્ધધર્મની નોંધ લેતા ચીની યાત્રી હ્યું-એન-ત્સંગ જણાવેછે કે ભરૂચમાં બૌદ્ધ સંઘારામ છે. જેમાં ત્રણ હજાર મહાયાનના અનુયાયી ઓ અભ્યાસ કરે છે. કચ્છમાં દસ વિહરો હતા. વડનગરમાં દસ સંઘારામો હતા. સૌરાષ્ટ્રમાં ૫૦ વિહારો હતા. વલભીમાં બૌદ્ધ ધર્મ વધારે પ્રચલિત હતો. વિખ્યાત બૌદ્ધ આચાર્ય રૂપમતી અને ગુણમતિએ વલભી પાસેના રહીને પોતાના ગ્રંથોની રચના કરી હતી. મૈત્રકોના તામ્રપત્રોમાં બૌદ્ધ વિહારોને દાન આપ્યાનો ઉલ્લેખ છે. વલભી બૌદ્ધધર્મનું કેન્દ્ર હતું. અનુંમૈત્રકકાલ દરમિયાન ગુજરાતમાંથી બૌદ્ધ ધર્મ ધીરે ધીરે લુપ્ત થવા લાગ્યો. ભારતના અન્ય પ્રદેશોની જેમ અહી પણ જૈન ધર્મને રાજ્યાશ્રય મળતા બૌદ્ધ ધર્મને ઘણો મોટો ફટકો પડ્યો. આમ ગુજરાતમાં બૌદ્ધધર્મનો પ્રચાર ઈ.સ પૂર્વથી શરુ કરીને નવમા દસમા સૈકા સુધી હતો. આ સમય દરમિયાન બંધાયેલા સ્તુપો, વિહારો,ગુફાઓ વગેરેના અવશેષો ગુજરાતના વિવિધ સ્થળોમાંથી મળી આવ્યાછે.

- **ઉત્તર ગુજરાતના બૌદ્ધ સ્થાપત્યો**

**દેવની મોરી** : શામળાજી પાસે મેશ્વો નદીના કિનારે બૌદ્ધ કાલીન સ્તુપો અને વિહારો મળી આવ્યા છે. ૧૯૩૬માં શ્રી.પી.એ ઈનામદારે આ સ્થળ ઉપર ધ્યાન દોર્યું હતું. ત્યારબાદ મહારાજા સયાજીરાવ

યુનિવર્સીટી દ્વારા ઉત્ખાલન કરવામાં આવ્યું. ત્યારબાદ બીજા ટીંબાનું ઉત્ખલન ડો.સુબ્બારાવ,ડોરમણલાલ મહેતા, અને ડો. સૂર્યકાંત સેન ચૌધરી દ્વારા ૧૯૫૯ અને ૧૯૬૩ ખોદકામ કરવામાં આવ્યું. જેમાં ઈંટેરી મહાસ્તુપ અને મહાવિહારના પુરાવા મળી આવ્યા આ ગુજરાત રાજ્યના પુરાતત્વના ઇતિહાસમાં બૌદ્ધધર્મ ના ઈતિહાસમાં આ સંસોધન સીમાચિન્હ સમાન હતું અને આના આધારે બીજા અનેક ઉત્તર ગુજરાતના સ્થાપત્યોની શોધખોળ શરુ થઇ. વિહારની પાસે ભોજ રાજાના ટેકરા પર ખોદકામ કરતા એમાંથી એક સ્તૂપના અવશેષો મળી આવ્યા છે. એનો ઉપલો અને બહારનો ભાગ તૂટેલો છે. જેનો ભાગ ખંડેર છે તે પીઠીકાવાળો સ્તૂપ મનાય છે. દિઘનિકાયના મહાપારીનિર્વાણ ના મત મુજબ ભગવાન બુદ્ધે તેમના શરીરવશેષ પર માત્ર સ્તુપ બનાવવાની મંજુરી આપી હતી. તેમના મહાપરી નિર્વાણ બાદ તેમના પવિત્ર અસ્થિ ધાતુ ઉપર ૧૦ સ્તૂપ બનાવવામાં આવ્યા હતા સમ્રાટ અશોકે આનું વિભાજન કરી ૮૪૦૦૦ સ્તૂપ અને વિહારો બનાવ્યાના ઉલ્લેખો મળી આવે છે. દેવની મોરી પહેલા વિહાર હતો ત્યારબાદ મહાસ્તુપ બંધાયો હશે. તેનું સંપૂર્ણ બાંધકામ ઈંટેરી છે. આ સ્તુપ માંથી દાબડી મળી આવી છે. અને એમાં ગૌત્તમ બુદ્ધના દાંત હોવાનું માલુમ પડયું છે એ વાતની પ્રતીતિ કરાવે છેકે ખરેખર ગૌતમ બુદ્ધના નિર્વાણ પછી તેમના અવશેષો ગુજરાતમાં લાવ્યા હતા. ઈ.સ. ૨૦૫ માં બૌદ્ધ ભિક્ષુ અગ્નિવર્મા અને સુદર્શન નામના બૌદ્ધ ભિક્ષુ એ મૂળ વિહારની ઉત્તરે બંધાવ્યો હતો. તેમાં ભગવાન બુદ્ધના પ્રવિત્ર અસ્થિ મુકવામાં આવ્યા હતા આવો વિશાળ અને રમણીય સુશોભિત મહાસ્તૂપ ઉત્તર ગુજરાતમાં બીજે ક્યાંય મળ્યો નથી. આને ત્રણ ભાગમાં વિભાજીત કરવામાં આવ્યો છે. તેની પીઠિકાઓ ,થાંભલાઓ, પ્રદક્ષિણા માર્ગ તેમાં પાંદડાઓ,વેલીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંપૂર્ણ ગાંધાર શૈલી અને પ્રાશ્ચત્ય શૈલી મિશ્રણ રૂપ જોવા મળી રહ્યું છે. અહી અસંખ્ય બૌદ્ધ ભિક્ષુકો રહેતા હશે અને બૌદ્ધધર્મનું મોટું કેન્દ્ર હોવાનું માલુમ પડે છે.  બીજા સંખ્ય બૌદ્ધ અવશેષો સરકારની ઉદાસીનતાને કારણે મેશ્વો ડેમ બનવાના કારણે પાણીમાં ગરકાવથી ગયા છે.

ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X, Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

**વડનગર** : ઉતર ગુજરાતનું મહત્વનું સ્થળ એટલે આનંદપુર. પ્રાચીન સમયથી અર્વાચીન સમય સુધી વડનગર એક મહત્વનું ધાર્મિક કેન્દ્ર રહ્યું છે. વડનગર બૌદ્ધ થી લઈને જૈન હિંદુ ધર્મનું મહત્વનું કેન્દ્ર માનવામાં આવે છે. ઈ.સ ૨૦૦૫-૬ માં પુરાતત્વ દર ઉત્ખલન કરવામાં આવ્યું તેમાં એક બૌદ્ધ વિહાર શોધી કાઢવામાં આવ્યો છે. યુ- આન-ત્સાંગ ના પ્રવાસ નોંધ પણ ૧૦ વિહારો હોવાના ઉલ્લેખ મળે છે. કનીઘહામ પ્રાચીન ભારતીય ભૂગોળ નામનાં પુસ્તકમાં આનંદ્પુરની અંદર ત્રણસો વિહારો બૌદ્ધ વિહારો હોવાનું જણાવ્યું છે. સંખ્યા જોતા આનંદપુર મૈત્રકકાલમાં સંપૂર્ણ બૌદ્ધનગરી કે ધમ્મનગરી હશે એવું માની શકાય. વડનગરના ઘાસકોલ દરવાજા પાસે ઉત્ખનન દરમિયાન બૌદ્ધ સ્તૂપ મળી આવ્યો છે. અને એમાં ગૌતમ બુદ્ધના જીવનની સાથે સંકળાયેલ ઘટનાનું શિલ્પ મળી આવ્યું છે. આ શિલ્પ અડધું છે પણ એમાંવાંદરા સ્પષ્ટ અંકન જોવા મળે છે. આ શિલ્પ અલભ્ય છે. જે ગ્રે રંગનું સ્લેટીયા પત્થર ઉપર ઉપસાવેલો છે. આ શિલ્પ પહેલી સદીના ઉત્તરાર્ધના ગાળામાં મહાયાન પંથના પ્રસાર બાદ શરુ થયું હતું.

આ ઉપરાંત વડનગરમાંથી મૌર્યકાલીન આહત સિક્કોઓ મળ્યા છે. અહિયાથી મૌર્ય યુગ થી લઈને ગુપ્ત શાસન કાળ સુધીના સિક્કાઓ પ્રાપ્ત થયા છે. વડનગર શહેર બહાર બીજી કે ત્રીજી સદીની ગાંધાર શૈલીનો પ્રભાવ હોય એવી પ્રતિમા પ્રાપ્ત થી છે. જે પદ્માસન માં બેઠેલા અવસ્થામાં છે. ઉપવસ્ત્ર પણ સ્પષ્ટ કોતરેલુ જોવા મળે છે. પગના તળિયે ધમ્મચક્ર અને કમળ કોતરેલા છે આ પ્રતિમા જયપુરના લાલ પથ્થરની બનેલી છે. મૌર્ય યુગથી પણ પ્રાચીન કાળના સફેદ માટીના વાસણ મળે છે. અહિયાંથી માટીની આકર્ષક મુદ્રાઓ પણ પ્રાપ્ત થઈ છે. માટીની વસ્તુઓ ઉપરાંત શંખની બંગડીઓ અને મણકા વડનગરમાંથી પ્રાપ્ત થયા છે. આ નગરની વસ્તુ પ્રાચીન ૮ થી ૧૦ હજાર જેટલી હોવાનું માનવામાં આવે છે. ઈ.સ ૧ થી ૪૦૦ સુધીની માટીની બનેલ પ્રતિમાઓ પણ પ્રાપ્ત થઈ છે. વડનગરના ઉત્ખનન દરમિયાન ક્ષત્રપકાલીન માતા અને શિશુનું પારેવા પથ્થરનું શિલ્પ ઘાસકોલ દરવાજા બહારના ખેતરમાંથી પ્રાપ્ત થયું છે. વડનગર ક્ષત્રપ કાળમાં વલભી પછી શિક્ષણનું મોટું કેન્દ્ર હતું.

**તારણ ધારણ મંદિર** : તારંગામાં ટીંબા નજીક તારંગાની ટેકરીઓમાં તારણમાતાનું અને ધારણમાતાનું પહાડો કોતરીને બનાવામાં આવ્યું છે. જેમાં ૪.૬થી ૦.૯ મીટરની પીઠ ઉપર નવ બૌદ્ધમૂર્તિઓ છે. એમાં એક અવલોકિતેશ્વર પદ્મપાણીની ઉભી પ્રતિમાછે. મધ્યની પ્રતિમા તારણમાતાના નામથી પૂજાય છે. શ્રી એ.એસ.ગદ્દે પણ આ પ્રમાણે નોંધ્યું છે. ધનદ તારાની મૂર્તિઓ મળી આવી છે. આની બાજુમાં એક નાનું મંદિર ધારણમાતાનું છે. પણ ધારણ માતાના નામથી પૂજાતી તારાદેવીની પ્રતિમાછે. જે લગભગ ૧.૩મીટર ઉંચીછે. ત્યાં લોકોના જણાવ્યા પ્રમાણે અહી બંગાળથી બૌદ્ધ સાધુઓ દર્શન કરવા આવતા જે આજે હિદુ ધર્મ પરિવર્તિત થઇ ગયું છે. આ મંદિરની બાજુમાં પુરાતત્વ દ્વારા ખોદકામ કરતા વિહારના અવશેષો મળી આવ્યા છે. જેમાં સાધુઓને રહેવા અને સાધના કરવા બનાવવામાં આવ્યું હોવું જોઈએ.

**જોગીડાની ગુફા** : તારંગાની ટેકરી ઓમાં એક બૌદ્ધ ગુફા મળી આવી છે અને આ ગુફા શ્રી ગદ્દે દ્વરા કરવામાં આવી છે. જેને જોગીડાની ગુફા તરીકે ઓળખવામાં આવે છે. આ ગુફામાં બુદ્ધની ધ્યાન કરતી મૂર્તિઓ મળી આવી છે.

આ ઉપરાંત તારંગામાંથી બે હજાર વર્ષ પૂર્વે નો કિલ્લો શોધી કાઢયો છે. આ સ્થળે નગરી વસી હશે અને એનો સમય ઈ.સપૂર્વે ૨૩૦૦નો માનવામાં આવે છે. આ સ્થળેથી ટેરા કોટાના લઘુશિલ્પો મળી આવ્યા છે. જેમાં ભગવાન બુદ્ધ પદ્માસનમાં બેઠા છે આ મૂર્તિઓ ઈ.સની પહેલી થી ચોથી સદીના ગાળાની ક્ષત્રપકાળ ની પોટરી અને ઈ.સ પૂર્વની પ્રથમ સદીથી ક્ષત્રપકાળ પહેલાની પોટરી પણ મળી આવી છે. મળેલ અવશેષો પરથી કહી શકાય કે પૌરાણિકકાળમાં આ સ્થળ બૌદ્ધ નગરી હશે.

**મહુડી** : વિજાપુર તાલુકામાં સાબરમતી નદીના કિનારે આવેલ કોટાયર્ક મહુડીમાં કુવાનું ખોદકામ કરતા ધાતુની ત્રણ નાની પ્રતિમા અને એક મોટી ધાતુની પ્રતિમા મળી આવી હતી. ડો.સાંકળિયા અને શ્રી સારાભાઇ એ તેને જૈન હોવાનું વિધાન કરેલું આમાંની ત્રણ પ્રતિમામાં વડોદરા મ્યુઝીયમમાં ૧૯૩૫ થી છે. અહી મોટી પ્રતિમા કોટાયર્ક મંદિરમાં એક ઓરડીમાં રાખેલી છે. તેના ત્રણ ભાગ છે. પ્રતિમાની નીચે

Vol. 04, Issue 02, April - June 2022
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X Impact Factor SJIF 2020 : 3.974, Research bib 2021 : 5.21
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com
E-JOURNAL (HISTORY) SINCE 2019 E - ISSN : 2582-046X

સિંહાસન છે જેની મધ્યમાં હરણ યુગલ યુક્ત ધર્મ ચક્ર પ્રભાવલી છે. ડો.હીરાચંદ્ર શાસ્ત્રીનું માનવું હતુ કે આ પ્રતિમા બૌદ્ધ છે તેમને પ્રભાવલી નીચેના ભાગમાં આવેલ બ્રહ્મલીપી નો લેખ ડો. છીબડા ભારત સરકારના એપીગ્રાફીસ ને મોકલી આપેલો અને એમાં એમણે જણાવ્યું કે આ બૌદ્ધ પ્રતિમા છે. અને આ પ્રતિમાઓ ૯ મી સદીની માનવામાં આવે છે.

**વિહાર** : કુકરવાડા નજીક વિહાર ગામ આવેલું છે અને ત્યાં પૂર્વકાલ સમયે બૌદ્ધ વિહાર હોવાના પુરાવા મળે છે. તાજેતરમાં પુરાતત્વ દ્વારા કરવામાં આવેલા ખોદકામમાં બૌદ્ધ કાલીન અવશેષો મળી આવ્યા છે. ઘણી મૂર્તિઓ મળી આવી છે. આ વિહાર હોવાથી આ ગામનું પણ નામ વિહાર પડયું છે. મહુડી વડનગર નજીક હોવાથી અહી બૌદ્ધ વિહારનો વિકાસ થયો હશે.

**ગંભીરપુર** : ઇડર તાલુકથી ૩ માઈલ દુર ગંભીરપુર ગામ આવેલું છે અને ત્યાં બૌદ્ધ ધર્મના પ્રતિક સ્તૂપના પ્રાચીન ગુફા ચિત્રો મળી આવ્યા છે.સ્તુપમાં અંડાકાર ગોળ ભાગ નીચે પ્લેટ ફ્રોમ કે પયંક હોય છે. જે બે કે ત્રણ પ્લેટ ફ્રોમ પયંકો ઉપર આવેલો હોય છે. અહીના ચિત્રોમાં સ્તૂપ નાનો હોય છે. અને અંડાકાર અર્ધ ચંદ્રાકાર ભાગનો લંબાઈને ઉંચો કરવામાં આવ્યો છે. ગંભીરપુર સ્તૂપ ચિત્રોમાં યષ્ટિની ઉપર ધ્વજ બાંધવામાં આવ્યો છે. આ રીતે સ્તૂપ ના પયંક ,અંડ,હર્મિકા,અને છ્ત્રવાળી યષ્ટિ ભાગો જે છે પ્રાચીન ગુફા ચિત્રોમાં જણાય છે. આ સ્તુપનું ચિત્ર લાલ ઘટ્ટ રેખાઓથી બનાવેલી છે. જેની આજુ બાજુ સફેદ રંગ પુરવામાં આવ્યો છે. આ પ્રાચીન ગુફા ચિત્રો ઈ.સ ની ચોથી કે પાંચમી સદીના માનવામાં આવે છે.

**નિષ્કર્ષ** -

ઐતિહાસિક યુગ ની શરૂઆત અશોકના ના ગીરનાર શિલાલેખથી થાય છે. ગુજરાતના ધર્મ જીવનને વિકસાવવામાં અશોકની ધર્મ આજ્ઞાઓએ અગત્યનો ભાગ ભજવ્યો હતો.બૌદ્ધ ધર્મને વિકસાવવામાં તનો ફાળો છે. ગુજરાતમાં સહિષ્ણુતાનો જે ગુણ પડેલો છે તેનું મૂળ અહી શોધી શકાય છે. અનુ મૈત્રક કાલ દરમિયાન ગુજરાતમાંથી બૌદ્ધ ધર્મ ધીમે ધીમે લુપ્ત થવા લાગ્યો અને બૌદ્ધ

સાધુઓ તિબ્બેટ, ચીન, નેપાળ, શ્રીલંકાના પ્રદેશોમાં જવા લાગ્યા. ઉત્તર ગુજરાતમાંથી અસંખ્ય સ્તુપો,વિહારો અને મંદિરો અનેક સ્થળો પરથી બૌદ્ધ ધર્મના અવશેષો મળ્યા છે તો ઘણા અવશેષો મળ્યા પહેલા અન્ય ધર્મમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. પરંતુ ડો ભીમરાવ આંબેડકરની પ્રેરણાથી ગુજરાતમાં અસંખ્ય અનુયાયીઓ બૌદ્ધ ધર્મ અંગીકાર કરવા લાગ્યા.

ઉત્તર ગુજરાત જેવા શિક્ષિત અને સમૃદ્ધ શહેર હોવા છતાં પ્રજા અને તંત્ર બહુ ધ્યાન આપી રહ્યું નથી. ઉત્તર ગુજરાતમાં વડનગર ,તારંગા ,દેવની મોરી ઉપર અસંખ્ય સંશોધન થયા છે અને મારા સંશોધનનો આશય માત્રને માત્ર ઉત્તર ગુજરાતના બૌદ્ધ સ્થાપત્યોની ચોટેલી ધૂળ ખંખેરવાનો પ્રયાસ કર્યો છે. સરકારશ્રી આવા સ્થળોની જાળવણીના પગલાં લેવાય અને પ્રજા પણ તેમાં સહકાર આપશે તોજ આ મહામુલા વારસાને જીવંત રાખી શકાશે.

**સંદર્ભ ગ્રંથો**

1. ડો. હર્ષ જયવર્ધન- ઉત્તર ગુજરાતમાં બૌદ્ધ ધર્મ- મૈત્રી પ્રકાશન પ્રથમ આવૃત્તિ ૨૦૧૨
2. શાસ્ત્રી હરિપ્રસાદ ગં, "ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ", પ્રથમ આવૃત્તિ ૧૯૭૩, અમદાવાદ
3. આચાર્ય નવીનચંદ્ર, "ગુજરાતનો ધર્મ સંપ્રદાય", પ્રથમ આવૃત્તિ ૧૯૮૩, અમદાવાદ.
4. જમીનદાર રશેસ , "ક્ષત્રપ કાળનું ગુજરાત". પ્રથમ આવૃત્તિ, ૧૯૭૫, અમદાવાદ.
5. રૂબરૂ મુલાકાતના આધારે.
6. આચાર્ય નવીનચંદ્ર, "બૌદ્ધમૂર્તિ વિધાન", પ્રથમ આવૃત્તિ ૧૯૭૮, અમદાવાદ.
7. શાહ ઉમાકાંત પ્રેમાનંદ, "ગુજરાતમાં બૌદ્ધધર્મ" , સ્વાધ્યાય , ૨૦૨૦ વડોદરા.